RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 167* Date: 17.04.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કોરોના રસીકરણને વધારે ઝડપી બનાવવા વધુ ત્રણ કંપનીઓની રસીને મંજૂરી અપાશે

)ન્યુ દિલ્હી,તા.૧૪

દેશમાં કોરોનાના સંક્રમણે સર્જેલી વિકરાળ પરિસ્થિતિ વચ્ચે રસીકરણ અભિયાનને વેગ આપવા માટે સરકારે બીજી કંપનીઓની વેક્સીનને ભારતમાં ઉપયોગ માટે મંજૂરી આપ્યા વગર છુટકો નથી. એવા અહેવાલો મળ્યા છે કે, દેશના રસીકરણને વેગવંતુ બનાવવા માટે આગામી એકાદ મહિનામાં અમેરિકાની ત્રણ કંપનીઓ ફાઈઝર, જોન્સન એન્ડ જોન્સન તેમજ મોડર્નાની રસીને પણ સરકાર મંજૂરી આપી શકે છે. આ માટે વાતચીત શરુ થઈ ચુકી છે. આ પૈકી સૌથી પહેલા જોન્સન એન્ડ જોન્સનની રસીને મંજૂરી મળે તેવી શક્યતા છે.

અગાઉ ફાઈઝરે મંજૂરી માટે આવી રહેલા વિઘ્નોથી કંટાળીને પોતાની અરજી પાછી ખેંચી હતી. જોકે ફાઈઝર પાસે વેક્સીન પ્રોડક્શનની વધારે ક્ષમતા નથી. એટલે ફાઈઝરની રસી માટે વાર લાગી શકે છે. બીજી તરફ જોન્સન એન્ડ જોન્સન દ્વારા સરકાર સાથે રસીને બજારમાં મુકવા માટે પ્રાથમિક તબક્કાની વાટાઘાટો થઈ ચુકી છે. જ્યારે મોડર્નાની વેક્સીન માટે હાલમાં વાતચીત ચાલી રહી છે.

ભારતમાં હાલમાં બે રસી ઉપયોગમાં છે અને ત્રીજી રશિયન રસી સ્પુતનિકને સરકારે મંજૂરી આપી દીધી હોવાથી બહુ જલ્દી તે બજારમાં મળશે.

## દુનિયાના સૌથી લાંબા લોકડાઉનના બાદ બ્રિટન હવે અનલોક થયો



લંડન,તા.૧૪

બ્રિટનમાં ૯૭ દિવસ બાદ ફરી એક વખત રોનક દેખાવા માંડી છે. કારણે દુનિયાના સૌથી લાંબા લોકડાઉન બાદ હવે દેશ અનલોક થવા માંડ્યો છે બ્રિટનના બજારો, રેસ્ટોરન્ટ, પાર્કમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. ૯૭ દિવસ બાદ મળેલી આઝાદીની ખુશી લોકોના ચહેરા પર જોઈ શકાય છે.

બ્રિટન માટે સારી ખબર એ છે કે અહીંયા કોરોના કેસ બહુ ઓછા થઈ ગયા છે. દુનિયાના સૌથી લાંબા અને આકરા લોકડાઉન બાદ હવે દેશ અનલોક થવા માંડ્યો છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના કારણે પાંચ જાન્યુઆરીથી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી અને જાત જાતના પ્રતિબંધો લગાવાયા હતા.

હવે મહિનાઓ બાદ સેંકડો જિમ, હેર સલૂન, રિટેલ સ્ટોર ખુલી ગયા છે. જ્યારે લોકડાઉન લાગાવાયુ ત્યારે બ્રિટનમાં કોરોનાનો કહેર હાહાકાર મચાવી રહ્યો હતો. રોજના ૫૦૦૦૦ કેસ સામે આવી રહ્યા હતા. જોકે કોરોનાથી હવે બ્રિટનને છુટકારો મળ્યો છે. ૨૧ જુનથી બ્રિટનમાં સંપૂર્ણપણે લોકડાઉન હટાવી લેવાશે.

બ્રિટનને એક તરફ લોકડાઉન અને બીજી તરફ વેક્સીનેશનનો પણ ફાયદો મળ્યો છે. જેના પગલે કોરોનાની રફતાર પર બ્રેક વાગી છે. હવે અહીંયા રોજના ૪૦૦૦ કોરોના દર્દીઓ સામે આવી રહ્યા છે. બ્રિટનના ૪૮ ટકા લોકોને કોરોનાની રસી લાગી ચુકી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૭૪૧૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૩૬૭૬૧૬**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૭૩**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૨૬૪૨**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૨૩૪૭૧**

### ૧,૦૦૦થી પણ વધારે લોકોના મોત સાથે કુલ મૃતકઆંક ૧,૭૨,૧૧૫ થઇ ગયો

# દેશમાં કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં રેકોર્ડ ૧.૮૫ લાખથી વધુ નવા કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,તા.૧૪

દેશભરમાં કોરોનાનું સંક્રમણ બેકાબૂ બની રહ્યો છે અને કેસની સંખ્યાની સાથે જ મૃતકઆંક પણ ઉંચો જઈ રહ્યો છે. દેશમાં પહેલી વખત રેકોર્ડ સમાન ૧.૮૫ લાખથી પણ વધારે નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૩ લાખને પાર કરી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસથી દરરોજ દેશમાં કોરોનાના ૧.૫ લાખથી વધારે પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે.

## કોરોના સંકટને કાબૂમાં લેવા માટે મહારાષ્ટ્રમાં 'બ્રેક ધ ચેઈન' અભિયાન અંતર્ગત ૧૫ દિવસ સુધી કલમ ૧૪૪ લાગુ રહેશે

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧.૮૫ લાખથી પણ વધારે કેસ નોંધાયા તેથી દેશમાં સંક્રમિતોનો આંકડો ૧.૩૮ કરોડને પાર પહોંચી ગયો છે. જ્યારે ૧,૦૦૦થી પણ વધારે લોકોના મોત સાથે કુલ મૃતકઆંક ૧,૭૨,૧૧૫ થઈ ગયો છે. છેલ્લા કેટલાક દિવસથી પોઝિટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે જ્યારે કોરોનાના દર્દીઓના સાજા થવાના દરમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના દર્દીઓનો ગ્રાફ ઝડપથી ઉંચો જઈ રહ્યો છે. કોરોના મહામારીના હાહાકાર વચ્ચે રેમડિસિવર ઈન્જેક્શનની સર્જાયેલી અછત વચ્ચે કેન્દ્ર સરકારે તેના ઉપયોગ માટે નવી ગાઈડલાઈન બહાર પાડી છે.

નવા નિયમો પ્રમાણે સરકારે હવે હોસ્પિટલ સિવાય બીજી કોઈ પણ જગ્યાએ રેમડિસિવિરના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે. સરકારે કહ્યુ છે કે, રેમડિસિવિરનો ઉપયોગ મેડિકલ શોપમાં નહીં થાય. તેનો ઉપયોગ માત્ર હોસ્પિટલમાં એ જ દર્દીઓ પર કરવામાં આવશે જેમને ઓક્સિજનની જરુર પડતી હોય છે. આ ઈન્જેક્શનનો ઘરે પણ ઉપયોગ નહીં થઈ શકે.

મતલબ કે દુકાનો પરથી કોઈ આ ઈન્જેક્શન ખરીદી નહીં શકે. કોવિડના મામલામાં થઈ રહેલા વધારાના કારણે હાલમાં રેમડિસિવરની માંગમાં ભારે વધારો થયો છે. આ સિવાય સરકારે હોસ્પિટલ અને ગંભીર દર્દીઓ સુધી ઈન્જેક્શન પહોંચે તે માટે ઉપરોક્ત નિર્ણય લીધા છે.

સરકારે રેમડિસિવિર બનાવતી ઘરેલુ કંપનીઓ કહ્યુ છે કે, દવાના સ્ટોક, ડિટેલ અને ડિસ્ટ્રિબ્યુટરને લગતી જાણકારી વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવે. જો કોઈ કંપની કે ડિસ્ટ્રિબ્યુટર છેતરપિંડી કરતા પકડાશે તો તેમના પર કાર્યવાહી થશે. સરકારનુ કહેવુ છે કે, આવનારા દિવસોમાં તેની માંગમાં હજી વધારો થવાનો છે. જેના કારણે ઈન્જેક્શન પર પ્રતિબંધ મુકવો જરુરી છે.

## કોરોનાથી પ્રભાવિત લોકોના ખાતામાં દર મહિને જમા કરાવવામાં આવે ૬ હજારઃ સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૪

કોંગ્રેસ પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ પીએમ મોદીને પત્ર લખીને કોરોના મહામારીથી પ્રભાવિત લોકોના ખાતામાં દર મહિને ૬ હજાર રૂપિયાની રકમ જમા કરાવવાની અપીલ કરી છે. વળી, કોંગ્રેસ પાર્ટીએ ૧૭ એપ્રિલે દેશમાં કોવિડ-૧૯ની સ્થિતિ પર ચર્ચા કરવા માટે પોતાની કાર્યસમિતિની બેઠક બોલાવી છે. આ પહેલી વાર છે જ્યારે પાર્ટીના મોટા કાર્યકારી એકમે કોરોનાની સ્થિતિ પર ચર્ચા માટે વિશેષ બેઠક બોલાવી છે. તમને જણાવી દઈએ કે હાલમાં દેશ કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે અને આનાથી અત્યાર સુધી ૧૩.૭ લાખ લોકો પ્રભાવિત થઈ ચૂક્યા છે કે જે વૈશ્વિક સ્તરે કોરોનાના કેસોના ૧૦ ટકા છે.

કોરોનાના વધતા કેસો પર ચિંતા વ્યક્ત કરીને કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો છે જેમાં આ મહામારી સામે લડવા માટે સંભવિત ઉપાયો સૂચવવામાં આવ્યા છે. પત્રમાં સોનિયા ગાંધીએ ઘરેલુ વેક્સીન ઉમેદવારોના ઈમરજન્સી ઉપયોગની સ્વીકૃતિ માંગી છે. વળી, રાહુલ ગાંધીએ દેશમાં વેક્સીનની માંગને જોઈને સરકાર પાસે વેક્સીનની નિકાસ બંધ કરવાની અપીલ કરી છે. કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલે આ અંગેની માહિતી આપીને કહ્યુ, 'દેશમાં કોરોનાની બીજી લહેર પર ચર્ચા માટે સીડબ્લ્યુસીની વીડિયો કૉન્ફરન્સ દ્વારા શનિવારે બેઠક થશે.'

સોમવારે સોનિયા ગાંધીએ પીએમ મોદીને પત્ર લખીને એ બધી વેક્સીનોના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપવા માટે કહ્યુ જેને હજુ સુધી મંજૂરી મળી નથી. તેમણે પત્રમાં લખ્યુ કે જે સ્થળોએ લૉકડાઉન લગાવ્યુ છે ત્યાં જે વ્યક્તિને વેક્સીનની જરૂર છે તેને વેક્સીન આપવામાં આવે અને તેમના ખાતામાં દર મહિને ૬ હજાર રૂપિયાની રકમ જમા કરાવવામાં આવે.

વળી, રાહુલ ગાંધીએ પત્રમાં લખ્યુ કે અત્યાર સુધી દેશમાં માત્ર ૧ ટકા લોકોનુ રસીકરણ થયુ છે. રસીકરણની આટલી ધીમી ગતિના ગંભીર પરિણામ હોઈ શકે છે. તેમણે પીએમ મોદીને કહ્યુ કે તે માત્ર ફોટો પડાવવા અને ઈવેન્ટબાજી કરવા સુધી સીમિત ન રહે.

## કોરોનાનો અંત હજુ ઘણો દૂર છે ડબલ્યુએચઓના વડાએ ચેતવ્યા

જીનેવા,તા.૧૪

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ટેડ્રોસ અદાનોમ ગેબ્રેયસસે કહ્યું કે, ભલે દુનિયામાં અત્યાર સુધી કોરોનાની રસીના ૭૮ કરોડથી વધુ ડોઝ અપાઇ ચૂક્યાં છે, પરંતુ મહામારીનોઅંત અત્યારે પણ ઘણો દૂર છે. હાલ જાહેર સ્વાસ્થ્ય સંબંધિત કડક પગલાં ભરીને કેટલાક મહિનાઓમાં આને કાબૂમાં લઇ શકાય છે. અત્યાર સુધી દુનિયામાં ૧૩,૬૫,૦૦,૪૦૦ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યાં છે અને ૨૯,૪૪,૫૦૦નાં મોત થયા છે.

ડબલ્યુએચઓના પ્રમુખનું કહેવું છે કે, દુનિયાભરમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સતત છ અઠવાડિયા સુધી સંક્રમણમાં ઘટાડો જોવા મળ્યો. હવે અમે સતત સાત અઠવાડિયાથી કેસમાં વૃદ્ધિ જોઇ રહ્યાં છે અને ચાર અઠવાડિયાથી મોતનાં આંકડા વધી રહ્યાં છે. ગયા અઠવાડિયે સૌથી વધુ કેસ સામે આવ્યા. આ પહેલાં ત્રણ વખત આનાથી વધુ કેસ આવ્યા છે. એશિયા અને પશ્ચિમ એશિયાના કેટલાક દેશોમાં કેસમાં વૃદ્ધિ જોવા મળી છે. ગ્રેબેયસસે જેનેવામાં પત્રકારોને કહ્યું કે, દુનિયામાં કોવિડ-૧૯ની રસીના ૭૮ કરોડથી વધુ ડોઝ અપાયા છે. રસી શક્તિશાળી હથિયાર તો છે, પરંતુ આ એકમાત્ર હથિયાર નથી.

તેમણે કહ્યું કે, સામાજિક અંતર, માસ્કર પહેરવું, વેન્ટિલેશન કારગર છે. દેખરેખ, તપાસ, સંક્રમિતોના સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરવી વગેરે સંક્રમણને પહોંચી વળવા અને લોકોના જીવન બચાવવાના ઉપાય છે. તેમણે ચેતવણી આપી છે કે, મહામારીનો અંત દૂર છે, પરંતુ દુનિયા પાસે આશાવાદી થવાના ઘણા કારણ છે.

## દેશમાં મોટા પાયે લોકડાઉન નહીં લાગેઃ નિર્મલા

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશના અનેક રાજ્યોમાં મહા ભયાનક બનેલી કોરોનાવાયરસ મહામારી સામે લડવા માટે મીની લોકડાઉન અને નાઈટ કર્ફ્યુ જેવા પગલા જાહેર કરવામાં આવી રહ્યા છે અને અર્થતંત્ર સામે ફરી પડકારો ઊભા થયા છે ત્યારે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ફરીવાર એવી ચોખવટ કરી છે કે દેશમાં મોટાપાયે લોકડાઉન નહીં લાગે. જનતામાં એક પ્રકારની મૂંઝવણ છેલ્લા ઘણા દિવસોથી રહી છે અને દરેક રાજ્યમાં લોકો ગભરાઇ રહ્યા છે કે ફરીવાર સમગ્ર દેશમાં સંપૂર્ણ લોકડાઉન કેન્દ્ર સરકાર નાખી શકે છે પરંતુ નાણા મંત્રી એ ચોખવટ કરી દીધી છે કે કેન્દ્ર સરકારની અત્યારે આવી કોઈ યોજના નથી.

તેમણે મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે દેશમાં કોરોનાવાયરસ મહામારીની બીજી લહેર ભયંકર સ્વરૂપમાં આવી ગઇ છે અને એટલા માટે રાજ્ય સરકારોને પોતાની પરિસ્થિતિને અનુલક્ષીને આકરા નિયમો લગાવવાની સૂચના આપવામાં આવી છે અને રાજ્ય સરકારો તે રીતે જ કામ કરી રહી છે. કેન્દ્ર સરકાર ફરીવાર દેશભરમાં સંપૂર્ણ લોકડાઉન લગાવવામાં આવતી નથી અને કેન્દ્ર સરકારની એવી કોઈ યોજના પણ નથી માટે જનતાએ આવી કોઈ અફવા પર ધ્યાન દેવાની જરૂર નથી. કોરોના ને હરાવવા માટે જનતાએ તમામ નિયમોનું ગંભીરતાથી પાલન કરવું જોઈએ.

મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી મોટા પાયે પરપ્રાંતીય મજૂરોની હિજરત શરૂ થઈ છે અને એ લોકોને તેવો ખતરો દેખાઈ રહ્યો છે કે ફરીવાર દેશભરમાં પહેલા જેવું લોકડાઉન લાગી જશે. નાણામંત્રીએ મજૂરો અને જનતાનો ભય દૂર કરીને ચોખવટ કરી દીધી છે અને લોકોએ કોરોના ને હરાવવા માટે સક્રિયતા દાખવવી જોઈએ અને ગંભીરતા સાથે તમામ નિયમોનું પાલન કરવું જોઇએ તેવી અપીલ પણ નાણામંત્રીએ કરી છે.

### દિલ્હી અને મુંબઇ સહિત દેશના અન્ય ભાગોમાં પણ કોરોના સંક્રમિત યુવાઓની સંખ્યા વધી

## દેશમાં સૌથી વધુ યુવાઓ ઉપર એટેક કરી રહ્યો છે કોરોના

ન્યુ દિલ્હી,તા.૧૪

ભારત અને અમેરિકા સહિત દુનિયાભરના મુખ્ય દેશોમાં કોરોનાના કહેરથી હવે સૌથી વધારે યુવાઓ અસરગ્રસ્ત થઇ રહ્યા છે. ભારતમાં પણ કોરોનાના બ્રિટીશ, દક્ષિણ આફ્રીકન અને બ્રાઝીલીયન વેરીયન્ટ જોવા મળ્યા છે. દિલ્હી અને મુંબઇ સહિત દેશના અન્ય ભાગોમાં પણ કોરોના સંક્રમિત યુવાઓની સંખ્યા વધી છે. એક રિપોર્ટ અનુસાર, મુંબઈમાં ૧ થી ૧૧ એપ્રિલ દરમિયાન જેટલા પણ મોત કોરોનાથી થયા તેમાંથી ૧૦ ટકા ૪૫થી ઓછી વયના હતા. આવી જ રીતે અમેરિકામાં કોરોના વાયરસનો બ્રિટીશ વેરીયન્ટ એવો કહેર વરસાવી રહ્યો છે કે આઇસીયુમાં યુવા દર્દીઓની ભીડ વધવા લાગી છે.

યુએસ સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ એન્ડ પ્રીવેન્શનના ડાયરેક્ટર ડોકટર રાચેલ વાલેંસ્કી અનુસાર, સંક્રમિત થનારા યુવાઓમાં મોટાભાગના એ છે જેમણે હજુ સુધી રસી નથી મુકાવી, ડોકટર જસ્ટીન સ્કીન્સ્કી અનુસાર, રાજ્યમાં કોરોનાના ૪૦ ટકા નવા દર્દીઓ વાયરસના નવા વેરીયન્ટ બી.૧.૧.૭ (બ્રીટીશ વેરીયન્ટ)થી પ્રભાવિત છે. આ નવો પ્રકાર બાળકોને પણ પોતાની ઝપટમાં લે છે. મુંબઇ શહેરમાં ૧ થી ૧૧ એપ્રિલ વચ્ચે કોરોનાથી મરનારાઓની સંખ્યા આખા માર્ચ મહિનામાં થયેલ મોત કરતા ૫૫ ટકાવધારે છે. ખાસ વાત એ છે કે તેમાંથી ૧૦ ટકા મૃતકોની ઉંમર ૪૫ વર્ષથી ઓછી છે. એમ પણ જણાવાયું છે કે એવા લોકોના મોત વધારે થયા, જે પોતાના ઘરે સાત આઠ દિવસ આઇસોલેશનમાં રહ્યા, જેના લીધે તેમની તબિયત વધારે બગડી ગઇ. ડોકટર મેગન રેની કહે છે કે, યુવાઓએ એવા વહેમમાં ન રહેવું કે હું યુવા છું એટલે મને સંક્રમણ નહીં થાય અને થશે તો પણ હું સાજો જઇ જઇશ. ડો. રેની અનુસાર, બની શકે કે કોઇ યુવા સંક્રમણથી સાજા થઇ જાય પણ બધા લોકો એટલા નસીબવાળા ન હોઇ શકે. એક અભ્યાસના મુખ્ય રિસર્ચર શારલોટ થાલિને કહ્યુ કે કોરોનાગ્રસ્ત લોકોમાં થાક અને શ્વાસની તકલીફો સામાન્ય છે પણ તેમણે ચેતવણી આપતા કહ્યું કે જો યુવાઓને શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તેમણે સાવચેત થઇ જવું જોઇએ.

અમેરિકાના મિશીગનમાં ૧ માર્ચથી ૨૩ માર્ચ દરમિયાન હોસ્પિટલમાં દાખલ થનાર ૩૦ થી ૩૯ વર્ષની વયના દર્દીઓની સંખ્યામાં ૬૩૩ ટકાનો વધારો થયો હતો. આજ રીતે હોસ્પિટલમાં દાખલ થનાર ૪૦ થી ૪૯ વર્ષની વયના દર્દીઓની સંખ્યા ૮૦૦ ટકા વધી છે. રાજ્યમાં ૨ જાન્યુઆરીએ પુરા થયેલ સપ્તાહમાં હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓમાં અર્ધાથી વધારે દર્દીઓ ૬૫ વર્ષથી વધુ વયના હતા. પણ ગત ૨૭ માર્ચે પુરા થયેલ સપ્તાહ દરમિયાન દાખલ થયેલા નવા દર્દીઓમાં ૬૫ વર્ષથી વધુ વયના દર્દીઓની સંખ્યા ઘટીને ૧/૩ થઇ ગઇ. જ્યારે ૧૮ થી ૪૯ વર્ષના યુવાઓની સંખ્યા વધીને ૧/૩ થઇ ગઇ હતી. બાકીના ૧/૩ હિસ્સામાં ૪૯ થી ૬૫ વર્ષની વયના દર્દીઓ હતા. તો ન્યૂજર્સી રાજ્યમાં પણ હોસ્પિટલમાં દાખલ થનારા ૨૦ થી ૨૯ વર્ષના યુવાઓની સંખ્યામાં ૩૧ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, કોરોનામાંથી સાજા થનાર દર ૧૦માંથી ૧ વ્યકિતમાં લાંબાગાળાની અસરો જોવા મળી રહી છે. જર્નલ ઓફ ધ અમેરિકન મેડીકલ એસોસીએશનમાં પ્રકાશિત રીસર્ચ રિપોર્ટમાં કહેવાયું છે કે ૧૦ ટકા કોરોના દર્દીઓમાં આઠ મહિના પછી કોઇને કોઇ મધ્યમ અથવા ગંભીર લક્ષણો જોવા મળે છે. જેમકે સુંઘવાની ક્ષમતા જતી રહેવી. આ લક્ષણો તેમના કામ, સામાજીક અથવા અંગત જીવન પર નકારાત્મક અસરો ઉભી કરે છે. રિસર્ચમાં જાણવા મળ્યું કે સૌથી લાંબી દિર્ઘકાલીન અસરોમાં સુંઘવા ઉપરાંત સ્વાદ લેવાની ક્ષમતા ચાલી જતી અને થાક સામેલ છે.


## તંત્રી સ્થાનેથી...

## સરકારે પ્રજા હિતનાજ કામો કર્યા છે તો હાઈકોર્ટને કાન આમળવાની ફરજ કેમ પડી.....?

દેશમાં કોરોના સંક્રમિત કેસોમાં ભારે ઉછાળો આવી ગયો છે અને ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચી ગયું છે તે સાથે ભારતમાં ઉત્પાદિત કોરોના વેક્સિન વિશ્વમાં પ્રથમ હરોળમાં પહોંચી ગઈ હતી ત્યારેજ દેશમાં કોરોના કેસોનો અજગરી ભરડો વધી જતા કેન્દ્ર સરકારે કોરોના રસી નિકાસ પર પ્રતિબંધ ફરમાવી દેવાની ફરજ પડી છે. અને આ સમયમાં જ રશિયાની કોરોના વેક્સિન સ્પુટનિક ફાઈવને દેશમાં ત્રીજી રસી સફળ બની રહી છે. ત્યારે ભારતમાં રસી ઉત્પાદન કરતી કેમિકલ કંપનીઓ પણ છે પરંતુ સરકાર આવી કંપનીઓ તરફ ધ્યાન આપતી નથી તેની પાછળ જે પણ કારણ હોય.....! આવી રસી ઉત્પાદન કરતી એક કંપની વડોદરામા હોવાનું બહાર આવ્યું છે. પરંતુ સરકારમા આ કંપની અંગે કઈ ધ્યાનમાં છે કે નહીં.... કે પછી મંજૂરી આપતી નથી....? તેવો સવાલ લોકોમાં ઉઠવા પામ્યો છે.... આ કંપનીની કાર્યક્ષમતા રોજની દસ હજાર રસીના ડોઝ ઉત્પાદન કરવાની છે. આવા સમયમાં ગુજરાત રાજ્ય મહારાષ્ટ્ર રાજ્ય પછી કોરોના સંક્રમિત કેસોમાં હોટસ્પોટ બની ગયું છે. ગુજરાતમાં રોજેરોજ કોરોના પોઝિટિવ કેસનો આંકડો વધતો જઈ રહ્યો છે છેલ્લાં ૨૪ કલાકમાં ૬૬૯૦ નવા સામે આવ્યા છે તો ૬૭ વ્યક્તિના મોત થયા છે. સુરત, અમદાવાદ, વડોદરા શહેરમાં સિવિલ હોસ્પિટલ બહાર ૧૦૮ એમ્બ્યુલન્સની લાઈન લાગે છે અને દર્દીને દાખલ કરવા માટે ચારથી છ કલાકનો સમય લાગી રહ્યો છે.... તો સ્મશાનગૃહમાં પણ અગ્નિદાહ આપવા માટે વેઈટીગ ચાલી રહ્યું છે. અને આવા સમયે માનવતા પણ વિસરાઈ ગઈ હોય તેમ સુરતનાજ શ્મસાનગૃહમાં વધુ પૈસા આપનારને અગ્નિદાહ માટે પ્રાથમિકતા આપવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.... જેના વીડિયો પણ વાયરલ થઇ ગયા છે. તો કોરોનાથી સુરક્ષા માટેની પીપીઈ કીકો બાળી નાખવાના બદલે જ્યાં ત્યાં ફેંકી દેવાની ઘટનાઓ પણ બહાર આવી છે ત્યારે આમ પ્રજાએ કોરોના સાંકળ તોડવા માટે જે જાગૃતિ બતાવી...જેમા મોટાભાગના માર્કેટયાર્ડ, હજારો નાના-મોટા તમામ પ્રકારનાં બજારો કે મોટા ભાગના મંદિરો સ્વયંભૂ બંધ કરીને જે જાગૃતિ બતાવી છે તેવીજ રીતે આમ પ્રજાએ નગણ્ય ઘણી બાબતો પર ધ્યાન આપવાની વધુ જરૂર છે કદાચ તમે ખુદ કોરોના સ્પ્રેડર બની જાવ નહી...એટલે કે માસ્ક, ડિસ્ટન્સ, હાથ ધોવા તથા પીપીઈ કીટ, થ્રી લેયર કે ૯૫ માસ્ક જેવી વસ્તુઓ જ્યાં ત્યા ન ફેકતા તેને બાળી નાખો એજ સલામતી માટે મોટો ઉપાય છે.....!

ગુજરાત હાઇકોર્ટે ગુજરાત સરકારના અનેક પ્રજાહિતના કામો કર્યાના દાવા કરવા બાબતેની રજૂઆતના સરકારના ચીથરા ઉડાડી દઈને કહેવું પડ્યું કે લોકો ભગવાન ભરોસો છે...જો કે રાજ્યમાં મોટા ભાગની ચૂંટણીઓ પુરી થઈ ગઈ છે પરંતુ મોરવાહડફ ની ચૂંટણી રોકી નથી..... ત્યારે સરકારે સમજવાની જરૂર છે. તે સાથે હાઇકોર્ટે સરકારને સલાહ અને નિર્દેશ આપતા ગુજરાત સરકારે અનેક નિયમો લાદી દીધા છે પરંતુ મીની લોકડાઉન જાહેર કરતા અચકાય છે....કારણ કદાચ મોરવાહડફ ચૂંટણી.....!! જ્યારે કે રાજ્યમાંથી મોટાભાગના પરપ્રાંતીઓ સરકાર પર ભરોસો ન હોવાના કારણે વતન રવાના થઈ ગયા છે...તો અનેકો જવા નીકળી રહ્યા છે અને અનેક પહોંચી પણ ગયા છે... બીજી તરફ રાજ્યમાં કરિયાણું, કઠોળ, શાકભાજી સહિતની ચીજવસ્તુઓ નાં ભાવો વધારી દઇને આમ પ્રજાને લૂંટવામાં આવી રહી છે અને ત્યારે જ ટોરેન્ટ પાવર કંપનીએ એનર્જી ચાર્જ તરીકે યુનિટી દીઠ ૧૦ પૈસાનો વધારો કરીને લોકોને પડતા ઉપર પાટું માર્યું છે. ત્યારે ગુજરાત સરકાર મૌન છે....! આને શું કહેવાય.... શું સરકારની ફરજ મોંઘવારી ડામવા પગલા લેવાની નથી......? કે જ્યારે મુખ્યમંત્રી કહેતા હોય કે તિજોરીની ચિંતા કર્યા વગર ગુજરાત સરકારે રાત-દિવસ જોયા વગર કામ કર્યું છે એપ્રિલના શરૂના ૧૦ દિવસમા ૩,૫૦,૦૦૦ રેમડિસીવીર ઈન્જેક્સનો નાગરિકો માટે ઉપલબ્ધ કરાવ્યા, તો અનેક હોસ્પિટલો ખાતે બેડ માં વધારો કરાવવામાં આવ્યો છે, અને કોરોના માટે નવી હોસ્પિતાલ વ્યવસ્થા કરાવી છે.... તો પછી ગુજરાત હાઇકોર્ટે ગુજરાત સરકારનો કાન કેમ આમળ્યો પડ્યો....કોર્ટ ખોટી રીતે સરકારને આડે હાથ લેજો નહી..... રાજ્યમાં અનેક શહેરોમા લોકો રેમડિસીવીર ઈન્જેક્સન મેળવવા દોડાદોડી કરી રહ્યા હતા ત્યારે ભાજપ પ્રદેશ પ્રમુખ સુરતના જ પ્રમુખ હોય અને મેડિક્લ લાઇસન્સ ધરાવતા હોય તેમ સુરતના ભાજપ કાર્યાલય ખાતે મફતમાં રેમડિસીવીર ઇન્જેક્શન વિતરણ કરાવે... આને શું કહીશું.....?ગુજરાતના મુખ્યમંત્રી એટલે રાજ્યના નાથ કહેવાય. તેમની પાસે તમામ સત્તાઓ છે.... તો આ માટે કોઇ પગલાં લેશો કે નહીં તેવો પ્રશ્ન આમ પ્રજામાં ઉઠવા પામ્યો છે.... અને કદાચ એવું પણ હોઈ શકે છે સમજ્યા વગર કે કોરોના નાથવા માટેની આમોઘ દવા સમજી કેટલાક ડો.પણ રેમડિસીવીર લખી આપતા હોય તો આ બાબત વિચારવા જેવી છે.....!? વંદે માતરમ્

## વશરામભાઈ સાગઠિયા દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



રાજકોટ મહાનગરપાલિકા ના પૂર્વ વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠિયા દ્વારા આજરોજ તા. ૧૪/૪/૨૦૨૧ ના રોજ વિશ્વવિભૂતિ મહામાનવ ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરજી ની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી આ તકે કોંગ્રેસના આગેવાનશ્રીઓ વશરામભાઈ ચાડપા, હીરાલાલ પરમાર, કે.જી.કર્નલ સાહેબ, હીરાભાઈ ચાવડા, નરેશભાઈ પરમાર, અરવિંદભાઈ મૂછડીયા, પરેશભાઈ સોલંકી સહિતના કોંગ્રેસ પક્ષના આગેવાનોની ઉપસ્થિતિ માં પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. (વિરલ ભટ્ટ)

# કોરોનામાં આર્થિક મદદ માટે...

Pls forward to all: Who ever has any financial problems in paying hospital bills request these trust for help. They r God sent people helping humanity.

If Any one need MEDICAL FINANCIAL HELP contact following trust...

Sir Ratan Tata Trust Bombay House, Homi Mody Street, Mumbai 400 001 Call: 022-66658282

Reliance Foundation (Previously Ambani Public Charitable Trust) 222 Maker Chambers IV, 3rd Floor, Nariman Point, Mumbai - 400021 Call: 022-44770000, 022-30325000

Amirilal Ghelabhai Charitable Trust 71, Gitanjali, 73 / 75, Walkeshwar Road, Mumbai - 400006

Asha Kiran Charitable Trust C/o Radium Keysoft Solutions Ltd, Call: 022-26358290 101, Raigad Darshan, Opposite Indian oil Colony J.P. Road, Andheri (w) Mumbai 400 053

Aspee Charitable Trust C/o Americal Spring and Pressing Works Pvt. Ltd P.O. Box No. 7602, Adarsha Housing Soc. Road, Malad (w), Mumbai 400 064 ,

Aured Charitable Trust 1-B-1 Giriraj, Altamount Road Mumbai 400 026, Call: 022-23821452, 022-24926721

B. Arunkumar & Co. 1616, Prasad Chambers, Opera House, Mumbai - 400004

B D Bangur Trust C/o Carbon Everflow Ltd. Bakhawar, 2nd Floor, Nariman Point Mumbai 400021

Bombay Community Public Trust (BCPT) 5th Floor Regent Chambers, Nariman Point, Mumbai 400021, Call: 022-22845928 / 022-22836672

Burhani Foundation 276 Dr. D. N. Road Lawrence & Mayo House Fort Mumbai-400001

Century Seva Trust Century Bazar, Worli, Mumbai - 400025

Centre for Research & Development Shreyas Chambers,Ground Floor, 175-Dr. D.N. Road, Fort, Mumbai - 400 001

Chief Minister's Relief Fund, Government of Maharashtra Mantralaya, 6th Floor Nariman Point, Mumbai - 400020

Damodar Anandji Charity Trust 66, Vaju Kotak Marg, Near G.P.O, Mumbai -400001

Diamond Jubliee Trust Aga hall, Nesbit Road, Opp. St. Mary's High School Mumbai 400010, Call: 022-23775294, 022-23778923

Dharma Vijay Trust C/O Kilachand Devchand & Co. New Great Insurance Bldg., 7, Jamshedji Tata Road, Mumbai - 400020

D h a r a m d a s Trikamdas Kapoorwala 46, Ridge Road, Rekha No.2, 4th Floor, Mumbai - 400006

Dhirubhai Ambani Foundation Reliance Industries Limited Reliance Centre, 19, Walchand Hirachand Marg, Ballard Estate, Mumbai 400 038. Tel : 022-30327000

Dhirajlal Talkchand Charitable Trust Shailesh Niwas, Subhash Lane Daftary Road, Malad (E), Mumbai - 400097

Dhirajlal Morarji Ajmera Charity Trust 37 - A, Sarang Street, Mumbai - 400003

Dipchand Gardi Charitable Trust Usha Kiran, 2nd Floor, Altamount Road, Mumbai - 400006

Divaliben Mohanlal Charitable Trust Khatau Mansion, 1st Floor, 95-K. Omer Park, Bhulabhai Desai Road, Mumbai 400 026

Ekta Charitable Trust 4/444, PanchRatna, Opera House, Mumbai -400004

Eskay Charitable Trust C/O Caprihans India Ltd., Shivsagar Estate, 'D' Block, 2nd Floor, Dr. A. B. Road, Worli, Mumbai - 400018

Excel Process Pvt. Ltd. Charitable Trust 117 / 118, Mathurdas Vasanji Road, Chakala, Andheri (E), Mumbai - 400093

Fazalbhoy Charitable Trust Near Liberty Cinema, Marine Lines, Mumbai - 400020

Gala Foundation Behind Vakola Municipal Market, Nehru Road, Vakola, Santacruz(E) Mumbai

Garware Foundation Trust Chowpatty Chambers, Mumbai - 400007

Gokak Foundation Forbes Bldg., Forbes Street, Mumbai - 400023

Goodlass Nerolac Paints Ltd. (Trust) Nerolac House, A. G. Kadam Marg, Lower Parel, Mumbai - 400013

Govind Dattatraya Gokhale Charitable Trust Kalpataru Heritage, 5th Floor, 129, M.G. Road Mumbai 400 023, Call: 022-22673831

Harendra Dave Memorial Trust C/O Janmabhoomi, 3rd Floor, Janmbhoomi Marg Mumbai 400 001

Helping Hand Charitable Trust 3, Vidarbha Samrat Co-op Hsg. Society 93-c, V.P.Road, Vile Parle (West) Mumbai - 400 056 Tel: 022-6147448

H i r a n a n d a n i Foundation Charitable Trust Olympia, Central Avenue, Hiranandani Business Park Powai, Mumbai 400076

Herdillia Charitable Foundation Air India Building, 13th Floor Nariman Point Mumbai 400 031, Call: 022-22024224

? ? H i r a c h a n d Govardhandas 222, Maker Chambers 1V 3rd Floor, Nariman Point Mumbai 400 021

H. M. Mehta Charity Trust Mehta House, 4 th Floor, Apollo Street, Khushru Dubhash Marg, Mumbai - 400001

H. S. C. Trust Ready Money Mansion, Veer Nariman Road, Mumbai - 400023

Jamnalal Bajaj Foundation Bajaj Bhavan 2nd Floor, Jamnalal Bajaj Marg, 226 Nariman Point, Mumbai 400 021, Call: 022-22023626

Shree Siddhivinayak Temple Trust Prabhadevi, Mumbai - 400 028, Tel. 022-24373626 : Medical Ad Form is available on the Web.

Please see their Web site for details.

DIALYSIS can be done @ Mumbai's SiddhivinayakTemple for just 200/- only. Total 22 Dialysis Machines installed. Pls. fwd this so others can benefit. Thanks.

Pl pass in your group this is usefull msg for all dialysis patients.Chief minister and superstar Salman Khan * have opened the room under the name of 'Gram Medical Assistance Fund' * in the Mantralaya for the needy patients. This facility is available on all diseases upto a minimum of Rs. 2 lakhs *. For this, you can call the Mantralaya by phone directly.

Contact Chief: Mr. Shete Saheb

7th Floor, Ministry, Mumbai

Phone No- 022-22026948

Rules

1) Income certificate within one lakh

2) Kesari / yellow ration card

3) Aadhaar card

4) If there are outpatient hospitals in Mumbai, then the hospital quotes.

Please send this information to all, so that the poor will get the benefit.

For children and girls who have a heart attack, and do not get the proper treatment due to poor conditions, such as Rs. 1,00,000 / - Salman Khan * will be responsible for the treatment of children and girls. If the person you know needs treatment, * Being Human will notify the organization via email.

beinghumanemail@gmail.com

Also, medicines for such diseases like kidney, cancer, are expensive and can not afford treatment for them all. But now there is no reason to panic.

"HOPE SPECIALITY PHARMA" is just 7 minutes away from Dadar station. Drugs on these diseases are available at very low prices here.

Eg If the cost of a syringe is 6000, then you can get only up to Rs 1400.

Addresses -

Hope Specialty Pharma

Old Building 2A / 2,
S.S.Wagh Marg,
Gandhi Chowk,
Naigaon, Dadar (East),
Mumbai - 400014.

Contact:
hspmumbai@gmail.com
Phone Number:
9224247365
9022247365 /
022- 24147365

Offer 24 hours, 7 days of the week, 365 days of the year ..

Fwdd as Recd with Intention to b of Help

## ભારત-પાક-ચીન વચ્ચે વધશે ટેન્શન.. થશે હિંસક ટક્કર - અમેરિકી રીપોર્ટ

વોશિંગ્ટન,તા.૧૪

અમેરિકાના ગુપ્તચર અહેવાલમાં ભારતના પાડોશી દેશો ચીન અને પાકિસ્તાન સાથે ભારતના બદલાતા જતાં સંબંધોની આગાહી કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થવાનું નથી, પરંતુ બંને દેશો વચ્ચે ટકરાવ વધશે અને તણાવ ઊભોથઈ શકે છે. આ અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીના નેતૃત્વ હેઠળ ભારત પાકિસ્તાનની ઉશ્કેરણી સામે લશ્કરી કાર્યવાહી કરવા પહેલાથી વધુ તત્પર છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એલએસીમાંથી કેટલાક સૈનિકોની પાછી ખેંચી લેવા છતાં, ભારત અને ચીન વચ્ચે તણાવ હજુ પણ યથાવત્ છે.

ન્યૂઝ એજન્સી દ્વારા આ અહેવાલના અમુક અંશ બહાર પાડવામાં આવ્યા છે. તે જણાવે છે, 'બંને પરમાણુ શકિત પાડોશી દેશોમાં વધી રહેલા તણાવથી ટકરાવનું જોખમ વધી શકે છે.'



કાશ્મીરમાં હિંસક અશાંતિ અને આતંકવાદી હુમલાને લીધે આવી અશાંતિ થઈ શકે છે. પાકિસ્તાન સાથેના સંબંધોના બગડવાની આગાહી એવા સમયે કરવામાં આવી છે જયારે બંને દેશો વચ્ચે સામાન્ય સંબંધોને પુનૅ સ્થાપિત કરવા માટે કેટલાક પ્રારંભિક પગલા લેવામાં આવ્યા છે.

ગુપ્તચર અહેવાલમાં ભારત અને ચીન વચ્ચે હિંસક સંઘર્ષનું અનુમાન પણ કરવામાં આવ્યું છે. તેમાં કહેવાયું છે કે, 'ભારત અને ચીન વચ્ચે સતત હિંસક ટકરાવની ઘટનાઓ શકય છે. બંને દેશોમાંએ સીમા પરથી કેટલાક સૈનિકોની પાછી ખેંચ્યા હોવા છતાં, સરહદ પર તણાવ વધુ છે. 'આ મુકાબલો માટે ચીનને દોષી ઠેરવતા કહેવાયું છે,' મે ૨૦૨૦ થી વિવાદિત સરહદ વિસ્તારોમાં ચીનની હાજરીને કારણે સૌથી ગંભીર મુકાબલો થયો છે અને આનાથી ૧૯૭૫ પછી પહેલી હિંસક અથડામણ થઈ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ફેબ્રુઆરીના મધ્ય પછી બંને દેશો વચ્ચે અનેક તબક્કાની વાટાઘાટો થઈ છે અને બંને પક્ષો વિવાદિત સરહદના કેટલાક વિસ્તારોમાંથી સૈન્ય, શસ્ત્રો અને સાધનો પાછા બોલાવી રહ્યા છે.

## ગરીબો અને જરૂરિયાતમંદોને મફતમાં વેક્સીન લગાવો - માયાવતી

લખનઉ,તા.૧૪

બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ તેમજ યુપીના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આંબેડકર જયંતિ પર મીડિયાને સંબોધિત કર્યા. માયાવતીએ પ્રેસ કૉન્ફરન્સ કરીને કહ્યુ કે આજેનો દિવસ બહુ જ ખાસ છે કારણકે આજના જ દિવસે બસપાની સ્થાપના થઈ. બસપા બાબા સાહેબના મિશનને આગળ વધારી રહ્યુ છે. આ દરમિયાન માયાવતીએ કહ્યુ કે કેન્દ્ર અને અન્ય બધી રાજય સરકારોએ ગરીબોને મફત વેક્સીન લગાવવાનુ એલાન કરવુ જોઈએ.

બસપા અધ્યક્ષ માયાવતીએ બુધવારે પ્રેસ કૉન્ફરન્સ કરીને કહ્યુ કે કેન્દ્ર સરકારે ૧૪ એપ્રિલ સુધી કોવિડ-૧૯ વેક્સીન લગાવવાને ઉત્સવ તરીકે મનાવવાનુ જે વિશેષ અભિયાન ચલાવ્યુ છે તે સારી વાત છે. પરંતુ જો આ ઉત્સવ દેશના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ફ્રીમાં વેક્સીન લગાવવાના રૂપમાં મનાવવામાં આવતુ તો તે વધુ યોગ્ય ગણાત.

## ભાજપના ઈશારે ઈલેકશન કમિશને મમતા પર મૂક્યો પ્રતિબંધઃ શિવસેના

મુંબઈ,તા.૧૪

પશ્ચિમ બંગાળમાં જઈને અન્ય રાજયના નેતાઓ વિવાદાસ્પદ વિધાનો કરી રહ્યા હોવા છતાં તેમની સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. પશ્ચિમ બંગાળની આ ચૂંટણી નવું મહાભારત બની ગયું છે અને જૂના મહાભારતમાં જેમ કોઈ નિયમોનું પાલન કરતું નહોતું, તેમ આ નવા મહાભારતમાં પણ કોઈને નિયમોની પડી નથી. જોકે હું ચોક્કસ પણે માનું છું કે મમતા બૅનર્જી જ આ ચૂંટણી જીતશે એવું વિવાદાસ્પદ નિવેદન શિવસેના પ્રવક્તા સંજય રાઉતે કર્યું છે.

પશ્ચિમ બંગાળમાં મુખ્ય પ્રધાન મમતા બૅનર્જી પર ચૂંટણી પ્રચાર કરવા પર ઈલેકશન કમિશને ૨૪ કલાકનો મૂકેલો પ્રતિબંધ એ ભાજપના ઈશારે લાદવામાં આવ્યો હોવાનો આરોપ પણ શિવસેનાના સાંસદ સંજય રાઉતે મંગળવારે કર્યો હતો.

આ તો લોકશાહી પર જ નહીં પણ દેશની સ્વતંત્ર સંસ્થાના સાર્વભૌમત્વ પર સીધો હુમલો હોવાનો દાવો કરતા સંજય રાઉતે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં અન્ય રાજકીય પાર્ટીઓ દ્વારા પણ નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો છે, છતાં ફક્ત મમતા બૅનર્જીને જ કેમ સજા કરવામાં આવી?

મમતા બૅનર્જીને બંગાળની વાઘણ ગણાવીને સેનાના પ્રવકતાએ વિશ્ર્વાસ વ્યક્ત કરીને રાજ્યમાં તેઓ જ વિજયી થશે એવો દાવો કર્યો હતો. શિવસેના પશ્ચિમ બંગાળમાં ચૂંટણી નથી લડી રહી પણ તેમણે ટીએમસીના મમતા બૅનર્જીને સમર્થન જાહેર કર્યું છે.

સેન્ટ્રલ ફોર્સ પર અને લઘુમતી કોમને લઈને કરેલી કથિત ધાર્મિક ટિપ્પણીને મુદ્દે ઈલેકશન કમિશનરે મમતા બૅનર્જીને ચૂંટણી પ્રચાર કરવા પર ૨૪ કલાકનો પ્રતિબંધ મૂકી દીધો હતો. ઈલેકશન કમિશનના આ પગલાં બાદ રાઉતે ટ્વીટ કરી હતી કે ઈલેકશન કમિશન ઑફ ઈન્ડિયાએ મમતા દીદી પર ૨૪ કલાકનો પ્રતિબંધ મૂકી દીધો છે, જે દેશની રુલિંગ પાર્ટી બીજેપીના કહેવા પર કરવામાં આવ્યો છે.

### ડૉ. શાંતિકર વસાવાએ આરોગ્ય તંત્ર સામે સવાલો ઉઠાવ્યા,સોસીયલ મીડીયામા શરૂ થઈ ચર્ચા

# ૧૦ એપ્રિલના રોજ સાગબારાના પાટ ગામ ખાતે પોઝિટિવ આવેલા ૪૦ દર્દીઓના આંકડા તંત્ર કેમ છુપાવે છે? તંત્રના ચોપડે એક પણ કેસ પોઝિટિવ બોલાતું નથી!

રાજપીપલા, તા.૧૪

૧૦ એપ્રિલના રોજ સાગબારા તાલુકાના પાટ ગામ ખાતે ૪૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પણ આશ્ચર્યની વાત એ છે કે આરોગ્ય તંત્ર ના ચોપડે આ આંકડા બોલતા નથી ! એક બે નહીં પણ ૪૦ દર્દીઓના આંકડા તંત્ર કેમ છુપાવે છે ?એ સવાલ ડૉ. શાંતિકર વસાવાએ આરોગ્ય તંત્ર સામે ઉઠાવ્યો છે. સોસીયલ મીડીયમા હાલ તેનીજોર શોરથી ચર્ચા શરૂ થઈ છે ! જોકે તંત્રના ચોપડે કેસ પોઝિટિવ બોલાતું નથી એનાથી સૌને આશ્ચર્ય જરૂર થયું છે.

આ અંગે ડૉ. શાંતિકર વસાવાએજણાવ્યું છે કે પાટ મારુ ગામ છે.મારા પાટ ગામના ૪૦ જેટલા રેપિડ એન્ટીજન પોઝિટિવ દર્દીઓ ના આંકડા ક્યાં ગયા ??? હજુ સુધી મને જવાબ નથી મળ્યો.

જો નર્મદા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા દરરોજ આરટીપીસીઆર અને રેપિડ પોઝિટિવ દર્દીઓના આંકડા જાહેર કરવામાં આવતા હોય તો ૧૦ એપ્રિલના રોજ પાટ ગામ ખાતે પોઝિટિવ આવેલા ૪૦ દર્દીઓના આંકડા હજી કેમ મળ્યા નથી. ?

એ દરેક વ્યક્તિઓના નામ સાથે મારી પાસે આંકડા છે.બીજા દિવસે ઘરે ઘરે જઈને એ લોકોના ખબર-અંતર પૂછ્યા છે.કોરોના નિયમોનું પાલન કરવાનું સમજાવ્યું છે.આરોગ્યતંત્ર દ્વારા ત્યાં દવાનું વિતરણ કરવામાં પણ આવ્યું છે.સુરક્ષા માટે પોલીસ પણ મૂકવામાં આવી છે.

મારી લડાઈ તંત્ર સામે નથી પરંતુ કોરોના સામેની લડાઈમાં આંકડા કેમ છૂપાવવામાં આવે છે તેની સામે છે .

હાલમાં સાગબારા તાલુકાના દરેક ગામમાં ઘરે ઘરે શરદી ,ખાંસી ,તાવ શરીર દુખાવાના પેશન્ટો છે. એ લોકો સરકારી દવાખાને એટલા માટે નથી જતા કે ત્યાં જઈશું તો કોરોના પોઝિટિવ આવશે અને અમને આગળ લઈ જશે .એકવાર આગળ લઈ જાય પછી કોઈ જીવતું પરત નથી આવતુ એ પ્રકારની ખોટી માન્યતા લોકોમાંઘર કરી ગઈ છે. એટલે એ લોકો ગામડાઓમાં પ્રેક્ટિસ કરતા ઝોલાછાપ ડોક્ટરોને ત્યાં જાય છે હાલમાં આ ડોક્ટરોની દરરોજની ઓપીડી ૧૫૦ થી ૨૦૦ જેટલી છે. ૪ એપ્રિલના રોજ ટાવલ ગામના એક વ્યક્તિનું સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયું હતું.રેપિડ ટેસ્ટ નેગેટિવ હોવાથી એની બોડી ઘરે આપવામાં આવી અને તેમની ડેડ બોડી લગભગ ૧૫ થી ૧૬ કલાક ઘરમાં રાખવામાંઆવી.પાછળથી એ વ્યક્તિનો આરટીપીસીઆર ટેસ્ટ પોઝિટીવ આવ્યો.એ ફળિયામાં આજે પણ ઘરે ઘરે શરદી, ખાંસી ,તાવ ના દર્દીઓ છે. ૯ એપ્રિલના રોજ પાટ ગામમાં આ જ રીતે એક વ્યક્તિનું સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ મૃત્યુ થયું હતું.શ્વાસોશ્વાસની તકલીફ સાથે ગઈકાલે રાજપીપળા કોવિદ હોસ્પિટલમાં દાખલ થઈ છે.સાગબારા ખાતે એક વ્યક્તિ ઘરે કોવિદ પોઝિટિવને લીધે મૃત્યુ થયું છે.આજુબાજુ ના ગામોમા આ રીતે અનેક શંકાસ્પદ વ્યક્તિઓના મૃત્યુ થઈ રહ્યા છે.લોકો સામાન્ય તાવ સમજીને બિન્દાસ થી ફરી રહ્યા છે.બીમાર વ્યક્તિઓને જોવા એકબીજાના ઘરે જઈ રહ્યા છે. અને આ રીતે કોરોના ખૂબ જ પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે. જો લોકો સાચા આંકડા જાણશે તો સાવચેત થઈ જય કોરોના ને અટકાવી શકશે.ગામડાઓમાં ઘણા બધા મૃત્યુ થઈ રહ્યા છે પરંતુ કોઈનું પણ એ બાજુ ધ્યાન નથી કેમ કે એ લોકો ગરીબ અને મોટાભાગના આદિવાસીઓ છે.



ફરી વાર કહું છું કે આ મારી લડાઈ તંત્ર સામે નથી આપણે સૌ ભેગા થઈને કોરોનાને માત આપીશું પરંતુ આ આંકડાઓ છૂપાવવામાં આવે એ સારી વાત નથી.સત્ય હકીકત લોકો સામે મૂકવામાં આવે જેથી લોકો જાગૃત થઈ ફિઝિકલ ડિસ્ટન્સ ,માસ્ક પહેરવાના જેવા નિયમોનુ પાલન કરે.

સાથે સાથે નર્મદા જિલ્લાના જનપ્રતિનિધિઓ સાંસદ મ ન સ ુ ખ ભ ા ઈ વસાવા,દેડીયાપાડાના ધારાસભ્ય મહેશભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય પીડીભાઈ વસાવા, આદિજાતિ મોરચાના રાષ્ટ્રીય સભ્ય મોતીભાઈ વસાવા, ગુજરાત આદિજાતિ મરચાના અધ્યક્ષ હર્ષદભાઇ વસાવા ,જિલ્લા પંચાયતના પ્રમુખ પર્યુષા વસાવા સૌને વિનંતી કરીશ કે આ બાબતે તંત્રનું ધ્યાન દોરે કેમ કે આખરે ગામડામાં આદિવાસીઓ મરી રહ્યા છે. આ અંગે તંત્ર સત્ય ચકાશે અને જો વાત સાચી હોય તો તેને ગંભીરતાથી લે એવી માંગ ઉઠી છે.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

## નેત્રંગમાં "મોદી મહારાજ" તરીકે જાણીતા સાધુ પર એમ્બ્યુલન્સ ચઢી જવાથી કરૂણ મોત

નેત્રંગ તાલુકામાં લગભગ ૨૫ થી ૩૦ વર્ષથી ભટકતું જીવન જીવતા અને અને દાન માંગી પોતાનું પેટિયું ભરતા હતા. તેઓ "મોદી મહારાજ" તરીકે જાણીતા હતા. આ સાધુનું એમ્બ્યુલન્સ ચઢી જવાથી ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું.

"મોદી મહારાજ" તરીકે જાણીતા સાધુને ગામલોકોએ ઘણા સમય પહેલા તેઓનું નામ અને ક્યાંના વતની છે એ બાબતે ગામ લોકોએ પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે તેઓનું નામ દામોદર કરણ પાટીલ અને મહારાષ્ટ્રના વતની છે તેમ જણાવ્યું હતું. જ્યારે તેઓના મૃત્યુ બાદ તેઓના વીડિયો પણ સોશિયલ મીડિયા ફરતા થયા છે. જેમાં તેઓ જણાવી રહ્યા છે કે તેઓ નર્મદા પરિક્રમા કરી રહ્યા હતા. તેઓએ ૧૯૮૦,૧૯૮૧ અને ૧૯૮૨ માં અમરકંટકથી પહેલી પરિક્રમા કરી હતી. નેત્રંગ તાલુકા સેવા સદન નજીક આવેલ આયુષમાન ભવન બિલ્ડીંગના ટેકરાની લીમડાના ઝાડ નીચે બપોરના એક વાગ્યા અરસામાં "મોદી મહારાજ" વિસામો કરી રહ્યા હતા. ત્યાં આગળના ભાગે એક ટવેરા એમ્બ્યુલન્સ ગાડી(નંબર-GJ-06-GA-0145) ઉભેલ હતી.આજુબા જુના દરવાજા ઉપર સરદાર સરોવર પુનઃ વસવાટ એંજીસ મેડીકલ સેલ વડોદરા મો.યુનીટ નં-૪, નડીયાદ લખેલ હતું. ટવેરા એમ્બ્યુલન્સના ડ્રાઈવરે પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી નીકળતા "મોદી મહારાજ" પર એમ્બ્યુલન્સ ચઢી ગઈ હતી. માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. નેત્રંગ તાલુકા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તેઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. નેત્રંગ પોલીસે આ બાબતે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આજરોજ તેઓનું નેત્રંગ ખાતે વાલી વારસાની માહિતીના મળતા પોલીસ સ્ટાફ તેમજ નેત્રંગ ગામના સ્પાર્ટન ગ્રુપના સભ્યો દ્વારા પૃથ્વીરાજસિંહ અટોદરિયા, રાહુલ વાગેલા, યશ પાટણવાડીયા અને હિમાંશુ માછી દ્વારા અંતિમ સંસ્કાર (દફનવિધિ) હિન્દૂ રીતિ રિવાજ મુજબ કરવામાં આવી.

## સીબીએસઈની ૧૨મીની પરીક્ષા મુલતવી અને ૧૦ માની પરીક્ષા રદ

CBSE (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન) બોર્ડની પરીક્ષા અંગે મોટા સમાચાર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, શિક્ષા મંત્રી રમેશ પોખરિયાલ અને અધિકારીઓ વચ્ચે થયેલ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો

સીબીએસઈની ધોરણ ૧૦ની આખે આખી એક્ઝામ જ રદ કરી. વિદ્યાર્થીઓને રીઝલ્ટ સાથે પ્રમોટ કરાશે.રીઝલ્ટનો આધાર સીબીએસઇ નક્કી કરશે

CBSE ધોરણ ૧૦ના કોઈ વિદ્યાર્થીઓને પરિણામથી સંતુષ્ટ નહી હોય તો દેશમાં સ્થિતિ સામાન્ય થશે અને પરીક્ષા યોજાશે ત્યારે પરીક્ષા આપી શકશે

જ્યારે CBSEની ધોરણ ૧૨ની પરીક્ષા મુલતવી કરવામાં આવી. હવે ૧ જૂનના રોજ રીવ્યુ કરવામાં આવશે. જેમાં નક્કી કરવામાં આવશે કે શું કરવું?

પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને પંદર દિવસ પહેલાં જાણકારી આપવામાં આવશે,CBSE ની ધોરણ ૧૦માં અને ધોરણ ૧૨માં બોર્ડની પરીક્ષા ૪ મે યોજાવાની હતી,આ પરીક્ષાઓમાં ૩૦ લાખ સ્ટુડન્ટ સામેલ થવાના હતા


હજી સુધી ગુજરાત બોર્ડ કન્ફ્યુઝ છે.

વિશેષ નોંધ.આ પરીક્ષાને અને ગુજરાત સરકારની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષાને કોઈ લાગેવળગે નથી

પત્રકાર-જયેશ મોદી




શ્રધ્ધાંજલી



અમારા મોટાભાઈ શ્રી ડો.જીતેન્દ્ર ભાલચંદ્ર ત્રિવેદી
તા.૧૧-૦૪-૨૦૨૧, રવિવારના રોજ ગુરૂશરણ થયેલ છે.
પરમ કૃપાળુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને તે અંગે
તા.૧૫-૦૪-૨૦૨૧ ગુરૂવારે સાંજે ૪ વાગ્યા પછી માત્ર ટેલિફોનીક બેસણું રાખેલ છે.
આપની સાથેની ટેલિફોનીક વાતચીતને અમો રૂબરૂ મળ્યા તુલ્ય જ સમજીશું.

લિ.
જય પ્રકાશ ત્રિવેદી : ૯૪૨૯૮ ૯૩૭૫૬
૯૯૦૯૯ ૧૮૮૩૭
અજય ત્રિવેદી : ૯૪૨૮૫ ૧૦૧૨૪
વિજય ત્રિવેદી : ૯૬૮૭૬ ૧૮૮૩૭

પિયરપક્ષ
રશ્મિકાંત ત્રિવેદી : ૯૦૯૯૬ ૯૨૮૪૭
ઉત્પલ ત્રિવેદી : ૯૬૮૭૫ ૯૦૪૨૯
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે રાખેલ છે.

ફર્મ
સુશોભિત ટ્રાન્સપોર્ટ | સંતોષી ફુડ્સ એન્ડ કેટરર્સ
ત્રિવેદી એન્ડ બ્રધર્સ એન્ટરકોર્પ પ્રાઈવેટ લિમિટેડ

### કેવડિયા ખાતે નર્મદા કોંગ્રેસે કોરોનાના વધતા કેસો સામે પ્રવાસીઓ માટે

# સ્ટેચ્યુ ઓફ યુનિટી તાત્કાલિક ધોરણે બંધ કરવા આવેદન સ્ટેચ્યુ ના કલેકટરને આવેદન આપ્યું



રાજપીપલા, તા ૧૪

સમગ્ર નર્મદા જિલ્લા માં વધતા જતા કોરોના સકમણ ને અટકાવવા સ્વેછિક લોકડાઉન હોવા છતાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ચાલુ કેમ છે ?એવા સવાલો સાથે આજે કેવડિયા ખાતે નર્મદા કોંગ્રેસે કોરોનાના વધતા કેસો સામે પ્રવાસીઓ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી તાત્કાલિક ધોરણે બંધ કરવા આવેદન સ્ટેચ્યુ ના કલેકટરને આવેદન આપ્યું હતું

આજ રોજ કેવડિયા કોલોની તથા કેવડિયા ની આજુ બાજુ ના ગામડાં વિસ્તાર માં અને સમગ્ર નર્મદા જિલ્લા માં વધતા જતા કોરોના સકમણ ને અટકાવવા માટે જ્યારે નર્મદા જિલ્લા માં સ્વેછિક લોકડાઉન કરી દેવાં માં આવ્યું છે ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી કેમ ચાલુ રાખવામાં આવ્યું છે?એવો સવાલ નર્મદા કોંગ્રેસે ઉઠાવ્યો છે. આ અંગે આજે કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કલેકટરઆર ડી ભટ્ટ ને આવેદનપત્ર આપ્યું હતું જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્ર વાળન્દ. વિરોધ પક્ષના નેતા દક્ષા બેનતડવી એ આવેદન આપી તાત્કાલિક અસરથી કોરોના અટકાવવા પ્રવાસીઓ માટે સ્ટેચ્યુ બંધ કરવાની માંગ કરી હતી.

તેમણે આવેદનમા જણાવ્યું હતું કે તેમણે એમ પણ જણાવ્યું હતું કે છેલ્લા ૧૫ દિવસથી કેવડિયા વિસ્તારમાં કોરોના કેસો સતત વધી રહ્યા છે. જેમાં પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી ચાલુ હોવાથી બહારથી આવતા પ્રવાસીઓ જે દેશના અલગ શહેર વિસ્તારોમાંથી આવી રહ્યા છે. ત્યારે સ્થાનિક નોકરી ધંધા કરતા વ્યક્તિઓના સંપર્ક મા આવતા હોઈ અને કોઈ પ્રવાસી સંક્રમિત હોય તો કેસો વધવાની શક્યતા છે. ત્યારે તાત્કાલિક ધોરણે પ્રવાસીઓ માટે તાત્કાલિક ધોરણે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ કરાવે તેવી માંગ કરી હતી. જેમાં અહીયા કેવડિયાના આજુ બાજુ ના ગામ ના લોકો નોકરી કરે છે. તો વધતા જતાં પ્રવાસન ને લીધે કોરોના સકમણ ફેલાવા ની સંભાવના વધી રહી છે. તો સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રાખવા માટે આજે ગરૂડેશ્વર તાલુકા પંચ્યાયત ના વિરોધ પક્ષ ના નેતા દક્ષાબેન તડવી , જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્રભાઈ વાળંદ , તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભીમાં ભાઈ તડવી તથા તાલુકા પંચાયત ના સદસ્ય ઓ તથા કોંગ્રેસ આગેવાનો એ સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કલેકટર ને સમગ્ર સ્ટેચ્યુ ની સેવા ઓ પ્રવાસન બંધ રાખવા માટે રજૂઆત કરી હતી.

તસ્વીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## ૨:૦૦ થી ૪:૦૦ ના સમયમાં દર્દીઓના સગાવ્હાલા સાથે વિડીયોકોલ દ્વારા વાત કરાવવામાં આવશે : સી.આર.પાટીલ



ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સુરત સિવિલ હોસ્પિટલમાં ભાજપા દ્વારા બનાવવામાં આવેલ હેલ્પ ડેસ્કની મુલાકાત લીધી. શ્ર ી સી.આર.પાટીલે જણાવ્યુ કે, સિવિલ હૉસ્પિટલમાં જે પણ દર્દીઓ દાખલ છે તેમને તથા તેમના સગાવ્હાલાને પણ બંને ટાઈમની ભોજન વ્યવસ્થામાં ભાજપા એ મદદ કરી છે. ૨:૦૦ થી ૪:૦૦ ના સમયમાં દર્દીઓના સગાવ્હાલા સાથે વિડીયોકૉલ દ્વારા વાત કરાવવામાં આવશે. રેમેડિસિવીર ઈન્જેક્શન માટે દર્દીઓના સગાઓને લાઇનમાં ઊભું ન રહેવું પડે તે માટે સરકાર પૂરતા પ્રયત્નો કરી રહી છે. ખાનગી હોસ્પિટલોમાં પણ ઈન્જેક્શન મળી રહે તેવી વ્યવસ્થા સરકાર કરી રહી છે.શ્રી પાટીલે વધુમાં જણાવ્યુ કે, કોવિડની સારવાર માટે ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને બાકીના સ્ટાફ પણ ખૂબ ઝીણવટ પૂર્વક કામ કરી રહ્યા છે. જરૂરિયાત કરતાં સવા સો ટકા ઑક્સીજનનો વપરાશ થઈ રહ્યો છે. ઑક્સીજનની અછત આગામી સમયમાં ઊભી ન થાય તે અંગે સુરતના સ્વ્છ હર્ષ સંઘવી તેમજ તેમની ટીમ દ્વારા NGO મારફતે નવા ૪૦૦ ઑક્સીજન સિલિન્ડર ની સગવડ ઊભી કરી છે, જેથી સિલિન્ડરના રીફિલિંગમાં અગવડ ઊભી ન થાય.

### જિલ્લામાં આજદિન સુધી ૮૪,૭૨૭ જેટલાં નાગરિકોને રસી અપાઇ

# નર્મદા જિલ્લામાં આજે ૪૫ વર્ષથી વધુની વયના ૧૮૭૦ નાગરિકોએ રસી લીધી

રાજપીપલા,તા ૧૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઘોષિત કરેલ તા.૧૧ થી તા.૧૪ મી એપ્રિલ દરમિયાન "ટીકા ઉત્સવ" થકી કોરોના વિરોધી રસીકરણને વધુ વેગવાન બનાવવા માટે નર્મદા જિલ્લા કલેક્ટર ડી.એ. શાહના નેતૃત્વ હેઠળ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ૪૫ વર્ષથી વધુની વયના તમામ લોકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ઝુંબેશના ભાગરૂપે નાંદોદ તાલુકાના રાજપરા, નવા રાજુવાડીયા ગામ સહિત જિલ્લાના ૨૦૫ જેટલાં વિવિધ કેન્દ્રો ખાતેથી કોવિડ-૧૯ વેક્શીનેશન અભિયાન હાથ ધરાયું છે. આજે તા.૧૪ મી ના રોજ બપોરના ૪:૦૦ વાગ્યા સુધી ૧૮૭૦ જેટલાં નાગરિકોએ રસી લીધી હતી. જિલ્લામાં આજદિન સુધી ૮૪,૭૨૭ નાગરિકોને કોરોના વિરોધી રસી અપાઇ છે. તેની સાથોસાથ જિલ્લાના વિવિધ કેન્દ્રો ખાતેથી RTPCR ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યાં છે. નાંદોદ તાલુકાના રાજપરા ગામના



દિલીપભાઇ જશભાઇ પટેલે કહ્યું હતું કે, આજે મે પણ કોવિડ-૧૯ રસીનો પ્રથમ ડોઝ લીધો છે. રસી લીધા બાદ કોઇપણ પ્રકારની આડઅસર થતી નથી. ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા તમામ લોકોએ રસી અવશ્ય લેવી જોઇએ. રસી લેવાથી આપણે સુરક્ષિત રહી શકીએ છીએ. સરકારીશની માર્ગદર્શિકા અને સૂચનાઓનું અવશ્ય પાલન કરવું જોઇએ. તેવી જ રીતે શ્રીમતી પારૂલબેન પટેલે જણાવ્યું હતું કે, આજે મે કોવિડ-૧૯ નો પ્રથમ ડોઝ લીધો છે. રસી લીધા બાદ મને અડધો કલાક બેસાડવામાં આવી હતી. જેમાં મને કોઇપણ પ્રકારની તકલીફ પડી નથી. કોવિડ-૧૯ ની રસી આપવા બદલ સરકારશ્રીનો તેમણે આભાર માન્યો હતો. નવા રાજુવાડીયા ગામના રહીશ અને ખેતીના ધંધા સાથે સંકળાયેલ સતીશભાઇ રાવજીભાઇ પટેલે જણાવ્યું હતું કે, મે કોરોના વિરોધી રસીનો પ્રથમ ડોઝ લીધો છે. કોરોના વેક્સીન સંપૂર્ણ સુરક્ષિત છે. ખોટી વાતોમાં ભરમાશો નહીં. કોરોના વિરોધી રસી લઇને સમાજ અને પરિવારને સુરક્ષિત રાખીએ. વધુમાં તેમણે કહ્યું કે, રસી લીધા બાદ પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવવાં, વારંવાર હાથ ધોવા અને ફરજીયાત માસ્ક પહેરવાનું તેમણે જણાવ્યું હતું. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## દેડિયાપાડાના નાનીબેડવાણ ગામે પોતે ડોક્ટર ન હોવા છતાં દવાખાનું ખોલી ગામડાની અભણ દર્દીઓ સાથે છેતરપિંડી



રાજપીપળા, તા. ૧૪

નર્મદા જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક બોગસ દર્દીઓ તેનો લાભ ઉઠાવી રહ્યા છે. અને જેમને પાસે ડોક્ટરનું પ્રમાણપત્ર ન હોવા છતાં એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરી દર્દીઓના જીવન સાથે ચેડા કરી રહ્યા છે.આ અગાઉ નર્મદાના એકથી વધુ બોગસ તબીબો સામે પોલીસ ફરિયાદ થઇ ચૂકી છે જેમાં વધુ એક બોગસ ડોકટરો સામે પોલીસ ફરીયાદ થવા પામી છે.જેમાં દેડિયાપાડાના નાનીબેડવાણ ગામે પ્રાથમિક શાળા પાસે મેઈન બજારમાં પોતે ડોક્ટર ન હોવા છતાં દવાખાનું ખોલી ગામડાની અભણ દર્દીઓ સાથે છેતરપિંડી કરતાં તેમની સામે કાયદેસરની પોલીસ ફરિયાદ થઈ છે.

જેમાં ફરિયાદી ડો.ભાવિન કેસવલાલ વસાવા(મૂળ ર હ ે , ગ ુ રુ જી ન ગ ર સ ો સ ા ય ટી , ઝ ં ખ વ ા વ તા.માંગરોળ, જિ.સુરત )એ આરોપી તારકચંદ્ર કાર્તિકચંદ્ર શીલ (રહે,નાનીબેડવાણ,બજાર ફળીયુ મૂળ રહે, કાઠાલીયા તા.નંદનપુર જી. નદીયા વેસ્ટ બેંગોલ) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી તારકચંદ્ર પોતે ડોક્ટર નથી તેમ જાણતો હોવા છતાં એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરી એલોપેથી ટેબલેટો,સીરમની બોટલો તથા પાઈપ ચઢાવવાના બોટલો,સિરીંજ, બેડની સુવિધા દવાઓ ઈન્જેક્શનનો ગેરકાયદેસર રીતે રાખી જાહેરમાં દવાખાનું ખોલી પોતે નિષ્ણાત ન હોવા છતાં દાક્તરી સેવાના સાધનો વડે સારવાર કરતા હતા, અને પોતાના આર્થિક ફાયદા સારું ગેરકાયદેસર રીતે પોતે ડોક્ટર છે તેવું ગામડાના અભણ દર્દીઓને સમજાવી જાહેરમાં દવાખાનું ખોલી દર્દીઓની સારવાર કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી લોકોનું ગુજરાત સરકાર માન્ય ડિગ્રી કે સર્ટી વગર મેડીકલ પ્રેક્ટિસ સામગ્રી દવાઓ વગેરે રૂ.૧૮૭૯૬/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.